## તાંત્રિક એકમની કામગીરી, માર્ગ અને મકાન વિભાગની યોજનાઓ તથા કામગીરી, જળસંપત્તિની યોજનાઓ તથા કામગીરી, પાણી પુરવઠાની યોજનાઓ તથા કામગીરી

# તાંત્રિક એકમ

આપણો તાલુકો - વાયબ્રન્ટ તાલુકાના કાર્યક્મમાં લોકલક્ષી સેવાઓની પૂર્તતા એક સ્થળેથી થવા માટેની જોગવાઇ એટલે કે જનસેવા કેન્દ્ર ઉપરાંત લાંબા ગાળાના વિકાસ કાર્યો માટે તાલુકા સ્તરે કામગીરી થાય તે માટેની જોગવાઇ છે. તાલુકા કક્ષાએ વિકાસ કાર્યોમાં માળખાકીય સવલતો ઊભી કરવાની જરૂરિયાત પ્રમુખ રહે છે. જે માટે દરેક તાલુકામાં એક તાંત્રિક એકમ ઊભું કરાયેલું છે. આમ એક પ્રાંતમાં બે તાંત્રિક એકમો ઉપલબ્ધ છે. જે માટે પ્રકરણ-આઠમાં ઉલ્લેખ મુજબ તાંત્રિક મહેકમ દરેક તાલુકા કક્ષાએ મંજુર કરવામાં આવેલ છે-

૧. નાયબ કાર્યપાલક ઇજનેર -૧
૨. મદદનીશ ઇજનેર / અધિક મદદનીશ ઇજનેર - ૧
૩. નાયબ મામલતદાર-૧
૪. પેટા હિસાબનીશ-૧
૫. ક્લાર્ક–૧

એકંદરે ૨૨૫ નાયબ કાર્યપાલક ઇજનેર, ૨૨૫ મદદનીશ ઇજનેર, ૨૨૫ નાયબ મામલતદાર, ૨૨૫ પેટા હિસાબનીશ અને ૨૨૫ કલાર્ક સહિત ૧૨૫૦ કર્મચારીઓની ટીમ એટીવીટીના તાલુકા કક્ષાના માળખાકીય કામો કરવા માટે ઉપલબ્ધ કરાઇ છે.

તાંત્રિક એકમ દ્વારા તાલુકામાં માળખાકીય સુવિધાઓના આયોજન અને અમલીકરણને લગતી કામગીરી સુચારૂ રીતે થાય તે માટે નીચે મુજબના કામો કરવાના રહેશે.

(૧) રાજય સરકારે ફાળવેલ એટીવીટી ફંડમાંથી મંજુર કરેલા કામો
(૨) આયોજન મંડળ તરફથી સોંપવામાં આવતા કામો
(૩) તાલુકા પંચાયત તરફથી કોઈ કામો સોંપવામાં આવે તે
(૪) સસંદ સભ્યશ્રી / ધારાસભ્યશ્રી,ની ગ્રાન્ટના કામો
(૫) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામ્ય રોજગાર ગેરંટી યોજના, ઈન્દિરા આવાસ યોજના, કેન્દ્ર / રાજ્ય સરકારની અન્ય યોજનાના સોંપવામાં આવે તે કામો.
(૬) ૪૧ વિકાસશીલ તાલુકાના કામો
(૭) રાષ્ટ્રીય પર્વ અનુદાનના કામો
(૮) શ્રેષ્ઠ કલેક્ટર / જિલ્લા વિકાસ અધિકારી એવોર્ડ અન્વયે મળેલ અનુદાનના કામો

(૯) તમામ પ્રકારના માળખાગત સુવિધાના કામો જેવા કે માર્ગો, નાળા, મકાન, પાણી પૂરવઠા, સિંચાઇ ને લગતા સોંપવામાં આવે તે કામો

**તાંત્રિક સત્તા મર્યાદા:**

(૧) તાલુકામાં લેવાપાત્ર તાંત્રિક કામોના નકશા અંદાજો બનાવીને સક્ષમ કક્ષાએથી તાંત્રિક મંજુરી મેળવવાની કામગીરી તાંત્રિક એકમની રહેશે. થી રૂ ૧૦ લાખ સુધીની તાંત્રિક મંજુરી/ડીટીપી અને રૂ.પ લાખ સુધીના ટેન્ડર મંજુરી એટીવીટી ના.કા.ઈ. ધ્વારા મંજુર કરી શકાશે. (મા.મ. વિભાગના ઠરાવ ક્રમાંક નં. પીડબલ્યુડી/૩૦૭૯ /ડી-૨૯૫૯/ભા.૨/૧૩૬/સ. તા.૧૮/૫/૧૧ ના ઠરાવ)

(૨) એટીવીટી માં નાયબ કાર્યપાલક ઇજનેરને રૂ.૧૦ લાખની તાંત્રિક મંજુરીની સત્તા આપવામાં આવી છે. આ મર્યાદા બહારના કામો માટે તાંત્રિક મંજુરી, સ્થાનિક કાર્યપાલક ઇજનેર સિંચાઇ/ પંચાયત પાસેથી મેળવવાની રહેશે.

(૩) આ કામોના ડ્રાફ્ટ ટેન્ડર પેપર (ડીટીપી) બનાવવા, ટેન્ડર માંગવા, સક્ષમ કક્ષાએથી ટેન્ડર મંજુર કરાવવાની કામગીરી નાયબ કાર્યપાલક ઇજનેરે કરવાની રહેશે

(૪) નાયબ કાર્યપાલક ઇજનેર ધ્વારા દર યાદી( S.O.R.) સ્વીકારવાની સત્તા - રૂ. ૧૫ હજાર સુધીની રાખવામાં આવી છે.

**કામના આખરી માપો લખવાની સત્તા:**

મદદનીશ ઈજનેર - સંપુર્ણ સત્તા તથા અધિક મદદનીશ ઇજનેર - રૂા.૨ લાખ નાયબ કાર્યપાલક ઇજનેર દ્વારા ઉક્ત કામોનું ૫૦% ચેકીંગ કરવાનું રહેશે.

**કામના વચગાળાના માપો લખવાની સત્તા:**

મદદનીશ ઈજનેર / અધિક મદદનીશ ઇજનેર ને સંપુર્ણ સત્તા નાયબ કાર્યપાલક ઇજનેર દ્વારા ઉક્ત કામોનું ૫૦% ચેકીંગ કરવાનું રહેશે.

**કામનો મુદત વધારો:**

કામની સમયમર્યાદાના ૨૦% વધારા માટે નાયબ કાર્યપાલક ઇજનેરને સત્તા સોંપવામાં આવી છે.

કામની સમયમર્યાદાના ૫૦% વધારા માટે કાર્યપાલક ઇજનેર સિંચાઇ / પંચાયતને સત્તા સોંપવામાં આવી છે.

**એટીવીટી-તાંત્રિક કામોની ગુણવત્તાની ચકાસણી:**

(૧) એટીવીટી અંતર્ગત કામોમાં ગુણવત્તાની જાળવણી માટે સર્વે નિયમિત કામગીરી માટે નિયમ મુજબ કાર્યવાહી કરીને થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન કરાવવાનું રહેશે.

(૨) રાજય સરકાર ધ્વારા પ્રવર્તમાન પ્રથા પ્રમાણે માળખાકીય કામોની ગુણવત્તાની જાળવણી તથા ચકાસણી માટે મા.મ.વિ. કે નર્મદા જળસંપત્તિ વિભાગ હેઠળ ઉપલબ્ધ

ગુણવતા નિયમન તંત્રની મદદ લઈ શકાશે. ગંભીર પ્રકારની ફરીયાદ અનુંસધાને ગુણવતા નિયમન તંત્ર ગાંધીનગરની મદદ લઈ શકાશે.

**વહીવટી નિયંત્રણ :-**

(૧) નાયબ કાર્યપાલક ઇજનેર, મદદનીશ ઇજનેર, અધિક મદદનીશ ઇજનેર તથા નોન ટેકનીકલ સ્ટાફ પ્રાંત અધિકારીના સીધા વહીવટી નિયંત્રણ હેઠળ કામગીરી કરશે.

(૨) નાયબ કાર્યપાલક ઇજનેરના ખાનગી અહેવાલ પ્રાંત અધિકારી ભરશે અને ખાનગી અહેવાલનો તાંત્રિક ભાગ કાર્યપાલક ઇજનેરશ્રીએ ભરવાના રહેશે. જયારે મદદનીશ ઇજનેર, અધિક મદદનીશ ઇજનેર, સીનીયર ક્લાર્કના ખાનગી અહેવાલ નિયમ મુજબ નાયબ કાર્યપાલક ઇજનેર ભરશે અને સમીક્ષા પ્રાંત અધિકારી કરશે.

**“આપણો તાલુકો - વાયબ્રન્ટ તાલુકો” અંતર્ગત નાયબ કાર્યપાલક ઈજનેરનો જોબચાર્ટ**

૧. તાલુકા થીમ આધારિત તાલુકા વિકાસ આયોજન તૈયાર કરવાનું રહેશે.

૨. મંજુર થયેલ કામના નકશા અંદાજો બનાવવા અને તાંત્રિક મંજુરી આપવી.

૩. ડ્રાફ્ટ ટેન્ડર પેપર બનાવવા.

૪. ટેન્ડર મંગાવવાથી માંડીને મંજુરી સુધીની તમામ કાર્યવાહી કરવી.

૫. કામનું અમલીકરણ કરાવવું.

૬. કામોના ખર્ચનું તથા પ્રગતિનું મોનીટરીંગ કરવું.

૭. માપો લખવા/ માપોની ચકાસણી કરવી /ચૂકવણું કરવું.

૮. કામોને લગતી એકસ્ટ્રા આઈટમ, સમય મર્યાદા વધારવાની બાબત વગેરેની સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવવી.

૯. સ્ટોક/ સ્ટોરની નિભાવણી કરવી.

૧૦. બાંધકામને લગતા રેકર્ડની જાળવણી કરવી.

૧૧. કેશ બુક, પરચુરણ કેશ બુક અને સંલગ્ન અન્ય રજીસ્ટરોની નિભાવણી કરવી.

૧૨. નિયંત્રણ હેઠળના સ્ટાફને કામની ફાળવણી કરવી.

૧૩. પ્રાંત અધિકારીની મંજૂરીથી નિયુક્ત થર્ડ પાર્ટી ઈ ન્સ્પેકશન વ્યવસ્થા તેમજ સર્વ વિગતો પૂરી પાડવી.

૧૪. તાલુકા આયોજન / સંકલન સમિતિની બેઠકનો બાંધકામને લગતો એજન્ડા બનાવવો તથા કાર્યવાહી નોંધ બહાર પાડવી તથા તેમાં લીધેલ નિર્ણયો પ્રમાણે કાર્યવાહી કરવી.

૧૫. અરજદારશ્રીની રજુઆતો પરત્વે યોગ્ય તે કાર્યવાહી કરવી.

૧૬. ફલેગશીપ યોજનાઓ જેવી કે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર બાંહેધરી યોજના **(મનરેગા )** વગેરેની તાલુકા કક્ષાએ આયોજન, ગ્રામસભામાં મંજુરી, અમલીકરણ તથા મોનીટરીંગની કામગીરી.

**આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો(ATVT) વિકાસ યોજના**

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમને સંગીન બનાવવા  તાલુકા કક્ષાએ " આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો(ATVT) યોજના " ની નીતિ અને તે અંગેની ગ્રાન્ટ ફાળવણીની પધ્ધતિ નિયત કરવા બાબત  સામાન્ય વહીવટ વિભાગ ના તારીખઃ-૦૬-૦૨-૨૦૧૨ ઠરાવ ક્રમાંકઃ-વજઅ-૧૫૨૦૧૧-૪૧૮-ચ થી ઠરાવેલ છે  જેમાં સુચવ્યા મુજબ કામગીરી કરવાની રહે છે.

# માર્ગ અને મકાન વિભાગની કામગીરી

ગુજરાત સરકાર ના માર્ગ અને મકાન વિભાગ તા.૧૨/૭/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ પીડીડબલ્યુ/ ૧૦૨૦૦૭ /૧(ભાગ-૧)સ મુજબ ગુજરાત રાજયમાં ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ હેઠળ મા.મ.વિભાગ તરફથી તાંત્રિક અધિકારીશ્રીઓને સોંપવામાં આવેલ સત્તાઓ ઉપર દર્શાવેલ જુદા જુદા ઠરાવો ધ્વારા નકકી કરવામાં આવેલ છે. આ સત્તા સોંપણી બાદ બજારમાં માલ-સામાન, મજૂરી, અને પરિવહનમાં ભાવોમાં સારો એવો વધારો થયેલ છે, આથી ક્ષેત્રિય અધિકારીઓને અવાર-નવાર વર્તુળ કચેરી તથા સરકારશ્રીમાં જવાનુ થાય છે, તેના હિસાબે સ્થાનિક કચેરીને કામના ભારણમાં વધારો થાય છે ઉપલી કચેરીમાં વધારે જવાના પ્રસંગો ન બને તે માટે તેઓને સોંપાયેલ સત્તામાં વધારો કરવા માટે સૂચન કરેલ છે.જેને અનુલક્ષીને વિવિધ કક્ષાના તાંત્રિક અધિકારીઓની સપ્રમાણ કામગીરી રહે તે હેતુસર અને યોગ્ય પ્રમાણમાં તાંત્રિક / નાણાંકીય સત્તાઓ તેઓને મળે તે બાબત લક્ષમાં લઈ પ્રવર્તમાન સત્તાઓમાં સુધારા-વધારા કરવામાં આવેલ છે.

માર્ગ અને મકાન વિભાગના સરકાર ઠરાવ ક્રમાંકઃ પીડીડબલ્યુ-૩૦૭૯-ડી-૨૯૫૯/ભા.૧ (૧૩૬) સ.તા.૧૭-૪-૦૨ ના ઠરાવના પત્રક મુજબ ક્રમ નંબર ૭.૧, ૭.૨, ૭.૪, ૧૨, ૧૨.૨, ૨૯, ૪૪.૧, ૪૪.૧.૨ તથા ૧૨.૩, ૧૨.૪, ૧૨.૬, ૪૬.૧, ૪૬.૨, ૪૬.૩, ૪૬.૪, ૪૭.૧ અને ૪૭.૨ મુજબની વિગતવાર સત્તા સુધારો કરી જેતે તાંત્રિક અધિકારીના હોદ્દા સાથે દર્શાવેલ વહીવટી મંજુરી સુધારવાનુ આથી ઠરાવવામાં આવેલ છે. આ ફેરફાર સિવાય તા. ૧૭-૪-૦૨ની અન્ય જોગવાઈઓ તથા ત્યારબાદની જોગવાઈઓ યથાવત રહે છે .

**આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો" હેઠળ તાલુકાની સ્થાનિક જરૂરીયાતને લક્ષમાં લઇ તાલુકા સ્તરે તાંત્રિક સત્તામાં વધારો કરવા બાબત**

માર્ગ અને મકાન વિભાગના તા.૧૮/૦૫/૨૦૧૧ ઠરાવક્રમાંકઃ પીડીડબલ્યુ/૩૦૭૯/ડી-૨૯૫૯/ભાગ-૨/૧૩૬/સી થી માર્ગ અને મકાન વિભાગના તા.૧૭/૦૪/૨૦૦૨ તથા તા.૨૪/૦૭/૨૦૦૭ ઠરાવક્રમાંકઃ પીડીડબલ્યુ/૩૦૭૯/ડી-૨૯૫૯/ભાગ-૧/૧૩૬/સી સાથે બીડેલ પત્રક પૈકી નીચે જણાવ્યા મુજબનો આંશિક સત્તા સુધારો કરવામાં આવેલ છે.

| વિગત | તા.૧૭/૦૪/૨૦૦૨ અને તા.૨૪/૦૪/૨૦૦૭ના ઠરાવથી ના.કા.ઇ.શ્રીને મળેલ હાલની સત્તા | એટીવીટી હેઠળ સમાવેશ થતા કામોની મંજુરી અન્વયે ના.કા.ઇને સત્તા ફાળવણી |
|---|---|---|
| અંદાજોને તાંત્રિક મંજુરી | રૂ ૫.૦૦ લાખ | રૂ ૧૦.૦૦ લાખ |
| ડી.ટી.પી. મંજુરી | રૂ ૫.૦૦ લાખ | રૂ ૧૦.૦૦ લાખ |
| ટેન્ડર મંજુરી | રૂ ૧.૫૦ લાખ | રૂ ૫.૦૦ લાખ |

# જળ સંપત્તિ

નર્મદા અને જળસંપત્તિ વિભાગ ના વિવિધ ઠરાવો થી રાજ્ય સરકાર દ્વારા "આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો" અંતર્ગત તાલુકા કક્ષાએ પ્રાંત અધિકારી દ્વારા સરકારનો વહીવટ ચલાવવાનું નક્કી થયેલ છે. પ્રાંત અધિકારીશ્રીઓને મહેસૂલ વિભાગે સોંપેલી ફરજો ઉપરાંત અન્ય વિભાગો હસ્તક ચાલતી કામગીરીની પ્રગતિની દેખરેખ રાખવી, તાલુકામાં આવેલ વિવિધ વિભાગોની કચેરીઓ વચ્ચે સંકલન સાધવું અને તાલુકા કક્ષાએ આવતી ફરીયાદોનું નિવારણ કરવુ એ પ્રકારની મુખ્ય કામગીરી સોંપવાનું નક્કી થયેલ છે. વહીવટી તંત્રને વધુ અસરકારક, લોકાભિમુખ અને પારદર્શક બનાવી શકાય તે માટે રાજ્ય સરકારે વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતી કામગીરીને તાલુકા કક્ષાએ પ્રાંત અધિકારીને સોપવાના અનુસંધાને જળસંપત્તિ પ્રભાગની કામગીરી પ્રાંત અધિકારીશ્રીઓને સોંપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઉપરોક્ત બાબતે જળસંપતિ પ્રભાગ હેઠળની નીચે મુજબની કામગીરી "આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો" હેઠળ પ્રાંત અધિકારીશ્રીઓને તાલુકા કક્ષાએ કામગીરી સોંપવાનું ઠરાવવામાં આવેલ છે.

(૧) દરેક પ્રાંત અધિકારીએ તેમના કાર્યક્ષેત્રમાં આવતી તમામ સિંચાઇ યોજનાઓ દ્વારા થયેલ સિંચાઇ અને કરવામાં આવેલ ખેતીની વસૂલાતની કાર્યવાહીની તેઓએ જાતે દેખરેખ રાખવાની રહેશે.

(૨) જળસંપત્તિ વિભાગને લગતી લોક-ફરિયાદોનું નિવારણ કરવાનું રહેશે અને આ માટે તાલુકામાં આવેલી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીઓની કચેરીઓ દ્વારા તેમને સંપૂર્ણ સહયોગ આપવાનો રહેશે.

(૩) પ્રાંત અધિકારી દ્વારા સિંચાઇ યોજનાઓના બાંધકામ માટે જરૂરી જમીન સંપાદનને લગતી કામગીરીમાં સહાયરૂપ થવાનું રહેશે. સિંચાઇ યોજના વિષયક જમીન સંપાદનની સઘળી કાર્યવાહી જે તે તાલુકાના પ્રાંત અધિકારીએ કરવાની રહેશે.

(૪) ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ હસ્તક વિતરણ અંગેનો કોઇ સ્ટાફ ન હોવાથી પ્રાંત અધિકારી તેમના હસ્તકના નેટવર્ક દ્વારા લોકજાગૃતિ ફેલાવી ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડની સૂક્ષ્મ સિંચાઇનો ફેલાવો વધારવામાં સહાયરૂપ થવાનું રહેશે અને આ જ રીતે ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ હસ્તકના જે જે ટ્યૂબવેલ ઉપર સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ દાખલ કરવાની થાય તેમાં પણ મદદરૂપ થવાનું રહેશે.

જળસંપત્તિ પ્રભાગની કામગીરી માટે તા. ૧૭-૦૫-૨૦૧૧ તથા તા. ૨૬-૦૪-૨૦૧૧ ના ઠરાવથી જરૂરી હુકમો પણ કરવામાં આવેલ છે. વહીવટી તંત્રને વધુ અસરકારક, લોકાભિમુખ અને પારદર્શક બનાવી શકાય તે માટે દરેક તાલુકાદીઠ પ્રાંત અધિકારી હેઠળ નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીઓની નિયુક્તિ કરી, તેમના મારફતે કામગીરી કરવાની થાય છે. પ્રાંત અધિકારીશ્રી તેમજ નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીએ જળસંપત્તિ વિભાગ હેઠળની કરવાની થતી વિવિધ

કામગીરી સોંપવાની બાબત વિચારણા હેઠળ હતી. ઉપરોક્ત બાબતે નીચે જણાવેલ કામગીરી પ્રાંત અધિકારી તેમજ તેઓશ્રી હેઠળના નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીને સોંપવાનું ઠરાવવામાં આવ્યુ છે.

- સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના (૮૦:૨૦) હેઠળ નાના ચેકડેમો (રૂ. ૭ લાખ સુધીની મર્યાદામાં) ખેડુતો સ્વૈચ્છિક સંસ્થા મારફતે જળસંપત્તિ વિભાગની માર્ગદર્શિકા મુજબ કરવાની કામગીરી.
- જળસંપત્તિ વિભાગની માર્ગદર્શિકા મુજબ લોકભાગીદારી હેઠળ ૯૦:૧૦ ના ધોરણે રૂ.૫ લાખ સુધી તળાવો ઉંડા કરવાની કામગીરી.
- જલમંદિર (વાવ) સુધારણાની કામગીરી.
- ચેકડેમ, તળાવ, વાવના કામો માટે તાલુકામાં મળેલ રજુઆતોની દરખાસ્ત તૈયાર કરવી અને તાલુકા પ્લાનીંગ કમિટિમાં રજૂ કરવી.
- મંજૂર થયેલ કામના નકશા અંદાજો બનાવવા.
- ટેન્ડર માંગીને મંજુરી સુધીની તમામ કાર્યવાહી કરવી.
- કામનુ અમલીકરણ કરાવવું.
- મહાત્મા ગાંધી નેશનલ રૂરલ ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ તાલુકા કક્ષાએ આયોજનથી ગ્રામસભામાં મંજૂરી અમલીકરણ અને મોનીટરીંગની કામગીરી કરવાની રહેશે.
- માપો લખવા / માપોની ચકાશણી કરવી / ચુકવણું કરવું.
- કામોને લગતી એકસ્ટ્રા આઇટમ, એક્સેસ, સમયમર્યાદા વગેરેની સક્ષમ કક્ષાએથી મંજૂરી મેળવવી.
- બાંધકામને લગતા રેકર્ડની જાળવણી કરવી.
- કેશબુક, પેટીકેશબુક અને સંલગ્ન અન્ય રજીસ્ટરોની નિભાવણી કરવી.
- નિયંત્રણ હેઠળના સ્ટાફને કામની ફાળવણી કરવી.
- તાલુકા પ્લાનીંગ / કોર્ડીનેશન કમીટીની બેઠકનો બાંધકામને લગતો એજન્ડા બનાવવો તથા આ અંગેની મીનીટસ બહાર પાડવી તથા તેમાં લીધેલ નિર્ણયો પ્રમાંણે કાર્યવાહે કરવી.
- સિંચાઇ યોજના / નહેરો માટે જરૂરી જમીન સંપાદનની કામગીરી માટે પ્રાંત અધિકારીને સહાયરૂપ થવાનુ રહેશે (જમીન સંપાદનની દરખાસ્ત સંબંધિત સિંચાઇ યોજના / નહેરના નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીએ બનાવી રજૂ કરવાની રહેશે. ત્યારબાદની આગળ કામગીરી ATVT હેઠળના નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીએ કરવાની રહેશે.)

- જે તે તાલુકા દીઠ ચેકડેમ, તળાવ, વાવ, નરેગા હેઠળના કામોનો વાર્ષિક લક્ષ્યાંક નક્કી કરી તે માટે દરેક સદર દીઠ જરૂરી બજેટ જોગવાઇની જરૂરિયાત પ્રાંત અધિકારી મારફતે જળસંપત્તિ વિભાગને મોકલવાની રહેશે.
- તાલુકાના કાર્યક્ષેત્રમાં આવતી તમામ સિંચાઇ યોજનાઓ દ્વારા થયેલ સિંચાઇ અને કરવામાં આવેલ ખેતીની વસુલાતની કાર્યવાહીની દેખરેખ માટે પ્રાંત અધિકારીને મદદરૂપ થવાનું રહેશે.
- જળસંપત્તિ વિભાગને લગતી લોક-ફરિયાદોના નિવારણ માટે પ્રાંત અધિકારીની સંપૂર્ણ સહયોગ આપવાનો રહેશે.
- ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ હસ્તક વિતરણ અંગેનો કોઇ સ્ટાફ ન હોવાથી, પ્રાંત અધિકારી તેમના હસ્તકના નેટવર્ક દ્વારા લોકજાગૃતિ ફેલાવી ગુજરત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડની સૂક્ષ્મ સિંચાઇનો ફેલાવો વધારવાની કાર્યવાહી કરશે. જેમાં નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીએ સહયોગ આપવાનો રહેશે. અને આ જ રીતે ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ હસ્તકના જે જે  ટ્યૂબવેલ ઉપર સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિ દાખલ કરવાની થાય તેમાં પણ પ્રાંત અધિકારીને મદદરૂપ થવાનું રહેશે.

# પાણી પુરવઠા

નર્મદા જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના (પાણી પુરવઠા પ્રભાગ)નાઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૧૧- ૦૪- ખ તા.૨૭/૪/૨૦૧૧થી '' આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો'' કાર્યક્રમ હેઠળ તાલુકા કક્ષાએ આવેલ ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સબ ડીવીઝનના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓને પાણી પુરવઠાની કામગીરી અસરકારક અને કાર્યક્ષમ બજાવવા માટે નાણાંકીય વહીવટી અને તાંત્રિક સત્તાઓ સુપરત કરવાના તેમજ ATVT તાલુકાના પ્રાંત અધિકારીશ્રીઓને પાણી પુરવઠા પ્રભાગની કામગીરી સોપવાનુ નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

પાણી પુરવઠા પ્રભાગ હેઠળની વિવિધ યોજનાઓ અંગેના અમલીકરણ અંગેની કામગીરી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હસ્તક હોઈ, તેમજ આ અગાઉ વહીવટી અને નાણાંકીય સતાઓ સોપવા બાબતે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના પરિપત્ર ક્રમાંકના નિ/સત્તા સોપણી/૧૦૯૮/ ૫-૦૭/૪૦ તા.૨૮/૫/૨૦૦૭ થી આદેશ કરવામાં આવેલ છે. '' આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો'' કાર્યક્રમ હેઠળ પાણી પુરવઠાની કામગીરી વધુ અસરકારક અને કાર્યક્ષમ રીતે થાય તે માટે ગુજરાત પાણી પુરવઠા બોર્ડના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓને આ સાથેના એનેક્ષર-૧ માં દર્શાવેલ સત્તાઓ આપવાનુ સરકારશ્રી દ્વારા નિર્ણય થયેલ હોઈ, ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા બોર્ડ એકટની કલમ-૧૧ નીચે સતા સુપરત કરવાના વિધિવત હુકમ તાત્કાલિક અસરથી કરવાના રહેશે.

'' આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો'' કાર્યક્રમ હેઠળ પ્રાંત અધિકારીશ્રીઓને તાલુકા કક્ષાએ નીચે મુજબની કામગીરી સોંપવાનુ પણ આથી ઠરાવવામાં આવેલ છે.

(૧) તાલુકા પાણી સમિતિના અધ્યક્ષ તરીકે કામગીરી.

(૨) જમીન સંપાદન તથા તેને લગતી આનુષાંગિક કામગીરી.

(૩) રાઈટ ઓફ યુઝ (આરઓયુ) ની કામગીરી

(૪) પીવાના પાણીની જુદી જુદી યોજનાઓનુ મોનીટરીંગ અને સુપરવીઝનની કામગીરી

(૫) પાણી પુરવઠા યોજનાઓની મિલ્કતો અંગે સુપરવિઝનની કામગીરી

(૬) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીએ આપેલ વહીવટી મંજુરીની વિગતો પ્રાંત અધિકારીશ્રીઓના

ધ્યાને લાવવાની રહેશે.

(૭) પાણી પુરવઠા બોર્ડ દ્વારા અમલીકરણ યોજનાઓના સંકલનની કામગીરી અને પાણી પુરવઠાને લગતી લોકફરિયાદો /રજુઆતોના મોનીટરીંગની કામગીરી

(૮) પાણી પુરવઠાની ગ્રામ્ય અસ્કયામતો તથા યોજનાકીય અસ્કયામતોનુ રજીસ્ટર તૈયાર કરાવીને અધતન રાખવા દેખરેખ રાખવી.

(૯) લોકભાગીદારી હેઠળ ગ્રામ્ય પાણી સમિતિઓની કામગીરી ઝડપી બનાવવાતાલુકાના આ બાબતે કામગીરી સંભાળતા પ્રાંત અધિકારી રૂ. ૧૦-૦૦ લાખ સુધીની ગામની યોજનાઓ મંજુર કરી વહીવટી મંજુરીની સતા આપવામાં આવે છે.આ બાબતે જરૂરી તાંત્રિક મંજુરી તાલુકાના નોડલ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી આપશે રૂ.૧૦-૦૦ લાખથી વધુ કિંમતની યોજનાની મંજુરી જીલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ હાલની પધ્ધતિ મુજબ કરશે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના હસ્તકના તમામ ઝોનના મુખ્ય ઈજનેરશ્રીઓ દ્વારા તેમના કાર્યક્ષેત્રમાં આવતા તાલુકામાં આવેલ સબડીવીઝનના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓને '' આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો'' કાર્યક્રમ અન્વયે નોડલ ઓફિસર તરીકે જાહેર કરવામાં આવેલ હોઈ, તેઓએ તેમના તાલુકાની પાણી પુરવઠા બોર્ડ, વાસ્મો અને ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિ. ની કામગીરી માટે નોડલ ઓફિસર તરીકે ફરજો બજાવવાની રહેશે.

વધુમાં '' આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો'' કાર્યક્રમ હેઠળની સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૪/૧૧ ના ઠરાવની તથા મહેસુલ વિભાગની તા.૧૩/૪/૧૧ ના ઠરાવની સુચનાઓ મુજબ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને અમલવારી કરવા જણાવવામાં આવેલ છે.